# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



મનપાની લાલ આંખ | બાકી વેરો નહિ ભરનારની પ્રોપર્ટી ધારકો સામે સીલિંગના કડક આદેશ

# આણંદમાં એક જ દિવસમાં ૧૨ મિલકત સીલ, ₹૮.૩૯ લાખથી વધુની રિકવરી

**કરમસદ વિસ્તારમાં** ૪.૧૩ લાખનો વેરો બાકી રાખનાર ૧૨ દુકાનો પર તાત્કાલિક વાગ્યાં તાળાં



(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

કરમસદ - આણંદ મનપાના ટેક્સ વિભાગ દ્વારા બાકી પડેલા મિલકત વેરાની વસૂલાત માટે ખાસ આક્રમક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

કરમસદ - આણંદ મનપાના ટેક્સ વિભાગની રિકવરી ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી આ ખાસ વસૂલાત ઝુંબેશ અંતર્ગત આજે કરમસદ વિસ્તારમાં કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં રૂ. 4.13 લાખ જેટલો મોટો બાકી વેરો ભરપાઈ ન કરનાર 12 દુકાનોને મનપાની ટીમે તાત્કાલિક અસરથી સીલ કરી દીધી છે. સીલિંગની આ કડક કાર્યવાહી સાથે જ સંબંધિત મિલકત ધારકોને વહેલામાં વહેલી તકે બાકી વેરાની તમામ રકમ ભરપાઈ કરી દેવા માટે આખરી નોટિસ ફટકારવામાં આવી છે.

બીજી તરફ, મનપાની ટેક્સ રિકવરી ટીમની આવી કડક ઝુંબેશને પગલે મિલકત ધારકોમાં દોડધામ મચી ગઈ હતી. મનપાની ટીમે સતત આક્રમક વસૂલાત ચાલુ રાખીને માત્ર એક જ દિવસમાં 8,39,725 નો બાકી મિલકત વેરો વસૂલ કરી લીધો છે.

### વેરો નહીં ભરો તો પ્રોપર્ટી સીલ કરવાની ચેતવણી

મનપાના ટેક્સ વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, જે મિલકતોનો વેરો ભરવાનો બાકી હોય તે તમામ આસામીઓએ વહેલામાં વહેલી તકે મનપા કચેરી ખાતે વેરો જમા કરાવી દેવો. રિકવરી ટીમ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે આ ઝુંબેશ દરમિયાન જે માલિકો પોતાની પ્રોપર્ટીનો બાકી વેરો ભરપાઈ નહીં કરે, તેમની મિલકતો તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવશે.

# ગ્રાહકના સ્વાંગમાં આવેલો ગઠિયો ૨.૬૫ લાખના દાગીના તારવી ગયો

**સમગ્ર ચોરી** CCTVમાં કેદ થતા પોલીસ ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.13

મહેમદાવાદના જવાહર બજાર સ્થિત 'કિરણ જ્વેલર્સ'માં સોનાની કડીઓ ખરીદવાના બહાને આવેલા એક અજાણ્યા શખ્સે વેપારીની નજર ચૂકવી 2,65,500ની કિંમતના 21.47 ગ્રામ સોનાના દાગીનાની ચાલાકીપૂર્વક ચોરી કરી લીધી છે. આ અંગે સીસીટીવી ફૂટેજના આધારે મહેમદાવાદ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મહેમદાવાદના નવાપુરા વિસ્તારમાં રહેતા કિરણ મોહન સોની જવાહર બજાર ચાર રસ્તા પાસે 'કિરણ જ્વેલર્સ' નામે સોના-ચાંદીના દાગીનાની દુકાન ચલાવે છે. ગત તારીખ 11ના રોજ તેઓ પોતાની દુકાનમાં સ્ટોકની ગણતરી કરી રહ્યા હતા ત્યારે સોનાના દાગીના ઓછા હોવાનું જણાયું હતું. તપાસ કરતા 18 કેરેટની 1,07,500ની કિંમતની સોનાની કડીઓ (9.010 ગ્રામ) તથા 1,58,000ની કિંમતના અન્ય દાગીના (12.460 ગ્રામ) મળી કુલ 2,65,500ની મત્તા ગાયબ હોવાનું સામે આવ્યું હતું.

આમ, દાગીના ન મળતા વેપારીએ સીસીટીવી ફૂટેજ તપાસતા તારીખ 1ના રોજ બનેલી આ ઘટના સામે આવી હતી. ફૂટેજમાં ચેક્સવાળો શર્ટ પહેરીને ગ્રાહકના સ્વાંગમાં આવેલો એક શખ્સ સોનાની કડીઓ બતાવવાની માંગણી કરતો દેખાયો હતો. વેપારી જ્યારે તેને દાગીના બતાવી રહ્યા હતા ત્યારે આ શખ્સે ચાલાકીથી વેપારીનું ધ્યાન બીજે દોરી, કાઉન્ટર નજીક નમીને સોનાની કડીઓ ભરેલી બે થેલીઓ પોતાના ખિસ્સામાં સરકાવી દીધી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે વેપારીએ મહેમદાવાદ પોલીસનો સંપર્ક કરતા પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તેની શોધખોળ હાથ ધરી છે.

# મહેમદાવાદની અર્બન બેંક ચૂંટણી મુદ્દે તપાસ કરવા હુકમ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

મહેમદાવાદ અર્બન બેંકના ડિરેક્ટર પદ માટે 20મી સપ્ટેમ્બર 2026ના રોજ શેઠ જે. એચ. સોનાવાલા હાઈસ્કૂલ ખાતે મતદાન યોજાયું હતું. આ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન મતદાન મથકની બહાર અધિકારીની સહીવાળું બેલેટ પેપર મળી આવતા મતદાનની ગોપનીયતા ભંગ થવાની અને બોગસ વોટિંગની આશંકા સાથે ભારે વિવાદ સર્જાયો હતો.

આ ગંભીર ગેરરીતિ મામલે સામાજિક કાર્યકર કિર્તનસિંહ રાજપૂત દ્વારા 22 સપ્ટેમ્બરે રાજ્ય ચૂંટણી આયોગ, ગૃહ મંત્રી, નાયબ મુખ્યમંત્રી, આરબીઆઈ તેમજ રાજ્ય અને જિલ્લા રજિસ્ટ્રારને ઈમેલ મારફતે પુરાવા સાથે ફરિયાદ કરવામાં આવી હતી. આ રજૂઆતની નોંધ લઈને રાજ્ય ચૂંટણી આયોગે ખેડા કલેક્ટરને પત્ર લખીને ચૂંટણી દરમિયાન કામગીરી કરનાર તમામ કર્મચારીઓ વિરુદ્ધ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે. આયોગના સ્પષ્ટ આદેશ છતાં સ્થાનિક જિલ્લા તંત્ર તેમજ રાજ્ય અને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા હજુ સુધી કોઈ નક્કર પગલાં ન લેવાતા સહકારી ક્ષેત્રના રાજકારણમાં અનેક પ્રશ્નો અને ચર્ચાઓ જાગી છે.

વિદ્યાનગરની બોયઝ હોસ્ટેલની રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અચાનક મુલાકાત લેતાં દોડધામ

# SP યુનિવર્સિટી હોસ્ટેલોની ગંદકી દૂર કરવા તાકીદ

**રાજ્યપાલે** વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી સ્વચ્છતાનો સંદેશ આપ્યો



(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીની 'નેહરુ બોયઝ હોસ્ટેલ' તેમજ 'એમ.બી.એ. એન.આર.આઈ. હોસ્ટેલ'ની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ હોસ્ટેલ પરિસરના નિરીક્ષણ દરમિયાન જે જગ્યાઓ પર ગંદકી જોવા મળી તેને તાત્કાલિક અસરથી દૂર કરવા રાજ્યપાલે સૂચના આપીને હોસ્ટેલમાં સ્વચ્છતા જાળવવા બાબતે વિશેષ ધ્યાન દોર્યું હતું.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ હોસ્ટેલના રેક્ટર તથા સુપ્રિટેન્ડેન્ટને હોસ્ટેલ પરિસર અને રૂમો સહિત તમામ જગ્યાઓએ નિયમિત સાફ-સફાઈ જાળવી રાખવા સૂચના આપી હતી અને તાત્કાલિક ધોરણે સફાઈ ઝૂંબેશ હાથ ધરવા તાકીદ કરી હતી. તેમણે સ્પષ્ટ જણાવ્યું કે, વિદ્યાર્થીઓ માટે આરોગ્યપ્રદ અને સુઘડ વાતાવરણ પૂરું પાડવું એ કોઈપણ શૈક્ષણિક સંસ્થાની પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ.

વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં રાજ્યપાલે યુવા પેઢીના સર્વાંગી વિકાસ, ચારિત્ય નિર્માણ અને સ્વસ્થ જીવનશૈલી પર ભાર મૂક્યો હતો. તેમણે યુવાનોને કોઈપણ પ્રકારના વ્યસનથી દૂર રહી સશક્ત અને સ્વસ્થ સમાજના નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું તેમજ અભ્યાસની સાથે રાષ્ટ્રનિર્માણના કાર્યોમાં સક્રિય રહેવા પ્રેરણા આપી હતી. આ મુલાકાત દરમિયાન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલ, કલેક્ટર પ્રવીણ ચૌધરી સહિત યુનિવર્સિટીના હોદ્દેદારો, હોસ્ટેલ સંચાલકો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આણંદમાં હથિયારબંધી અને સભાબંધીનો આદેશ

**અધિક જિલ્લા** મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

આણંદ જિલ્લામાં નવરાત્રી મહોત્સવ અને દશેરાના તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાહુલ ગમારા દ્વારા સમગ્ર જિલ્લામાં પ્રતિબંધાત્મક હુકમો જારી કરવામાં આવ્યા છે. આ જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયે બહાર પાડવામાં આવ્યું છે, જે ૩૧મી ઓક્ટોબર,૨૦૨૬ સુધી સમગ્ર જિલ્લામાં અમલમાં રહેશે.

આ જાહેરનામા અનુસાર જિલ્લામાં હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ સાધનો સાથે રાખવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આ ઉપરાંત, સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી વગર ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકત્ર થવું નહીં, સભા બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

આ પ્રતિબંધાત્મક હુકમ સમગ્ર આણંદ જિલ્લાના રસ્તાઓ, ફૂટપાથ, ગલીઓ અને જાહેર મકાનો પર એકસરખી રીતે લાગુ પડશે.

